# ભીંડાનું મોંઘુદાટ બિયારણ પણ નિષ્ફળ જતાં ખેડૂતોની સ્થિતિ કફોડી બની


## કિલોના ૧૭૫૦ લેખે વીઘા દીઠ રૂપિયા ૧૦ હજાર ખર્ચવા છતાં પાકનો ઉતારો નહીંવત : વિક્રેતાઓએ હાથ ઉંચા કર્યા અને ઉત્પાદકો જોવા પણ આવતા નથી

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તાર ચિલોડા પંથકમાં ખેડૂતોએ ભીંડાનું પુષ્કળ વાવેતર કર્યું હતુ. પરંતુ આ વાવેતરમાં બિયારણની ગુણવત્તા ઉતરતી કક્ષાની નિકળતા પાકનો ઉતારો નહીંવત આવી રહ્યો છે. મોંઘા ભાવનું બિયારણ આમ સાવ નિષ્ફળ જતા ખેડૂતોની સ્થિતિ કફોડી થઈ જવા પામી છે.

ચિલોડા પંથકમાં ખરીફ પાક તરીકે આ વર્ષે ભીંડાનું પુષ્કળ વાવેતર થવા પામ્યું હતું. ખેડૂતોએ ૧૭૫૦ રૂપિયે કિલોના મોંઘાદાટ ભાવે ખરીદેલા બિયારણને કારણે વીઘાદીઠ આશરે રૂપિયા દસ હજારનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ છતાં ભીંડાના પાકમાં રોગચાળો લાગી જવા ઉપરાંત ઉતારો પણ ખૂબ ઓછો આવવાથી ખેડૂતો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



અવાક્ બની ગયા હતા. ખેડૂતોએ ભીંડાની અલગ અલગ જાતોના બિયારણનું વાવેતર કર્યું હતું. લગભગ બધા બિયારણોમાં આ હાલત થવા પામી હતી પરંતુ ખાસ કરીને સાયલા જાતના ભીંડામાં વાવેતર સદંતર નિષ્ફળ રહ્યું હતું.

વાવેતર નિષ્ફળ જવાથી ખેડૂતોએ બિયારણના વિક્રેતાઓને ફરિયાદ કરી પરંતુ વિક્રેતાઓએ પણ ઉડાઉ જવાબો આપી કિંમતોની તકલીફ સામે આંખ મિચામણા કર્યા હતા. એક વિક્રેતાએ તો એટલે સુધી જવાબ આપી દીધો કે આ વર્ષે ભીંડાના વાવેતરને કેન્સરનો રોગ લાગુ પડ્યો છે તેથી પાક નિષ્ફળ જઈ રહ્યો છે પરંતુ બિયારણના ઉત્પાદકો એકવાર તેમના ખેતરની મુલાકાત લઈ પાકની જાત તપાસ કરે તો તેમને સાચી સ્થિતિનો ખ્યાલ આવે તેવો સૂર વ્યક્ત કર્યો હતો. હાલ તો વિક્રેતાઓની આ નફફટાઈ અનો બિયારણની નિષ્ફળતાખી ખેડૂતોની સ્થિતિ બાવાના બેય બગડ્યા જેવી કફોડી થઈ જવા પામી છે અને તેના કારણે સમગ્ર ખેડૂત આલમમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે.

## આજના ધાર્મિક કાર્યક્રમ

- વિસનગરા નાગર પરિવાર દ્વારા સિવ મહિમ્ન સ્ત્રોત રાત્રે ૮.૩૦ કલાકે શ્રી કમલેશભાઈ/ સનતકુમાર વાસુદેવભાઈ પંડ્યાના નિવાસસ્થાને ૪૫૫ ગોકુળ, સેક્ટર-૮
- શ્રી શિવશક્તિ શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા શિવમહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે યોગેશભાઈ પંડ્યા નિવાસસ્થાન ૧૪૨/ ૪ બી-૧, કડી સ્કૂલ ગેટ નં. ૪ પાસે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ ગાંધીનગર દ્વારા શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના આજે રાત્રે ૯.૦૦ વાગે અશોકભાઈ પંડ્યા નિવાસસ્થાન બ્લોક નં. ૧૧૫/૧, સેક્ટર-૨૩ ખાતે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે મૌલેશભાઈ ત્રિવેદી પ્લોટ નં. ૯૯૪/૧, સેક્ટર-૧૩-બી ખાતે યોજાશે.
- વાવોલમાં શ્રી રામધામ ખાતે પૂ. મહંત મધુસુદન દાસ બાપુની રામકથામાં કલાત્મક હિંડોળાના દર્શન થશે. ભક્તોને લાભ લેવા જણાવ્યું છે.
- શ્રી સમત્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ આરાધના આજે સોમવાર રાત્રે ૯.૦૦ વાગે સુમનભાઈ શુકલ પ્લોટ નં. ૭૩૪/૧ કિસાનગર ખાતે કરવામાં આવશે. તેમજ સેક્ટર-૨૬ના સર્વે બ્રહ્મ પરિવારોએ પોતાના ઘરે શિવપૂજા અને શિવમહિમ્ન પાઠ કરાવવા માટે દક્ષેશભાઈ ત્રિવેદી અને વિષ્ણુભાઈ જાનીનો સંપર્ક કરવો.
- શ્રી બાજખેડાવાળ મંડળ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસના દર સોમવારે શિવમહિમ્ન સ્ત્રોત અને શ્રી વિષ્ણુ સહસ્ત્ર પાઠ કરવામાં આવશે. આજે રાત્રે ૮.૩૦ વાગે બાલાજી મંદિર, સેક્ટર-૧૬ ખાતે સિવમહિમ્ન પાઠ યોજવામાં આવશે.

## એલસીબીએ ફિલ્મી ઢબે પીછો કરીને દારૂનો જથ્થો ભરેલી ઈનોવા પકડી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એલસીબીને ગઈ રાત્રે બાતમી મળી હતી કે કોલવડા ગામના એક બુટલેગરને ત્યા વિદેશી દારૂનો માલ આવી રહ્યો છે. જેને આધારે ટીમે વૉચ ગોઠવીને પસાર થયેલી બાતમીવાળી ઈનોવા કારનો ફિલ્મીઢબે પીછો કર્યો હતો અને કોલવડા ગામેથી ઈનોવા પકડી પાડી હતી. રૂ. ૪.૭૦ લાખનો કાર સહિત દારૂ-બિયરનો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. જો કે માલની ડીલીવરી આપવા આવેલો શખ્સ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એચ.એલ. સોલંકી તથા તેમની ટીમ બાતમીના આધારે ગાંધીનગર નજીક કોલવડા ખાતે સોમનાથ સોસાયટીમાં સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરૂભા વાઘેલા નામના બુટલેગરને ત્યાં દારૂના જથ્થાની ડીલીવરી માટે આવી રહેલી ગાડીની વૉચમાં બેસી ગઈ હતી. ઈનોવા ગાડી નં. જીજે-૧૮-એ.બી.-૨૨૯૮ આવતા ટીમે પીછો કર્યો હતો. પરંતુ ઈનોવાના ચાલકે બેફામ ગતિએ ગાડી ભગાવી હતી. કોલવડા રોડ પર પોલીસે ઈનોવા ફિલ્મી ઢબે પકડી પાડી હતી. જો કે ચાલક ફરાર થઈ ગયો હતો. ઈનોવામાંથી ૩૨૪ નંગ વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૭૦,૪૦૦નો દાર-બિયરનો જથ્થો તથા કાર મળીને રૂ. ૪.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી શરૂ કરી છે.



### તુટેલી કચરાપેટીથી ગંદકીનું સામ્રાજય

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સફાઈની ગુલબાંગો ફુંકવામાં આવે છે. ત્યારે સેક્ટર-૩-ડી રામેશ્વર મંદિરના દરવાજા સામે જ તેની કામગીરી છતી થઈ રહી છે. જે કચરાપેટી મુકવામાં આવી છે તેમાં પણ મસ મોટુ ફોડુ પડેલુ છે. જેના કારણે નાગરિકો કચરો કચરકાપેટીમાં નાખે છે પરંતુ કચરો કચરાપેટી વાયા જમીન પર પરત આવે છે. જેનાથી આજુબાજુમાં કચરો અને ગંદકી ફેલાય છે. દરરોજ દર્શનાર્થે આવતા ભક્તો પોતાનું નાક દબાવી મંદિરમાં પ્રવેશ કરે છે. ત્યારે જોવાનું એ રહે છે કે પાલિકા તેનું નાક ક્યારે બચાવશે ? (તસવીર : દિલીપ પ્રજાપતિ)






ગાંધીનગર મહાનગરપાલિકા અને તેજ આઈ કેરના સહયોગથી બીગશોટ ઈવેન્ટ્સ મેનેજમેન્ટ દ્વારા નગરમાં વસતા સિનીયર સિટીજનો માટે અનોખો સંગીતમય કાર્યક્રમ 'આયા સાવન ઝુમકે' ગાંધીનગર ટાઉનહોલ ખાતે શનિવારે યોજાયો હતો. વરસાદી ગીતોનાં આ સુંદર કાર્યક્રમમાં પૂ. કૈલાસદીદી (બ્રહ્માકુમારી સંચાલક), મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, તેજ આઈ કેરના ડૉ. તેજલ દલાલનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરી શુભ શરૂઆત કરવામાં આવી હતી. સંગીતની આ સૂરીલી સફરને ડૉ. ફાલ્ગુની, રાજ મહેરા, હેતલ નાયક, પીનાકીન સાગરનાં કંઠના સથવારે દેવાંગ કોષ્ટીએ અદ્ભુત મ્યુઝીક આપી હાજર શ્રોતાઓનાં દીલ જીતી લીધા હતા. સમગ્ર સુરીલી વરસાદી સફરને જયશ્રી નાઈક દ્વારા સંચાલન કરાયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## રાંધેજામાંથી શ્રાવણીયો જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

### પેથાપુર પોલીસે બાતમીને આધારે બપોરે દરોડો પાડ્યો : ખુલ્લામાં બેસીને બાજી માંડી હતી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં ખુલ્લેઆમ શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે આજે બપોરે પેથાપુર પોલીસે દરોડો પાડીને પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પડ્યા હતા. રૂપિયા સાડા ચાર હજારનો મુદ્દામાલ જપ્ત કરીને પેથાપુર પોલીસે પાંચેય જુગારીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાંધેજા ગામમાં શ્રાવણીયો જુગાર ભર બપોરે જામ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એસ.જે.વાઘેલાની ટીમે રેડ પાડીને રૂ.૪૫૪૦ ના મુદ્દામાલ સાથે પાંચ જુગારીઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. રાંધેજા ગામમાં જ રહેતા ઈરફાન અનવર મન્સૂરી, ડાહ્યાજી ગાંડાજી ઠાકોર, વિમજી ધરમશી ઠાકોર, રણજીત બેચર ઠાકોર અને -વીણ શંકર ઠાકોર મળીને પાંચેય જુગારીઓની ધરપકડ કરી પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



### જાહેર રસ્તા પર યોજાઈ 'બુલ-ફાઈટ'

આજે સમી સાંજે સેક્ટર-૨૬ પાસે ખ-૬ સર્કલે મુખ્ય માર્ગ પર બે આખલા કુસ્તીએ ચઢ્યા હતા અને તેમની આ મસ્તીમાં આ માતેલા સાંઢોએ ૨ રીક્ષા અને ૩ બાઈકને પણ અટફેટે ચઢાવ્યા હતા. સદ્ભાગ્યે કોઈને ઈજા થઈ નહોતી પરંતુ આ બંને આખલાઓને રોડ વચ્ચે લડતા જોઈ લોકોએ જાતે જ 'ડાયવર્ઝન' લઈ લેવાનું મુનાસીબ માન્યું હતું. દિવસ દરમ્યાન પુષ્કળ અવરજવર ધરાવતા આ માર્ગ પર ઘણીવાર ગાયો લડતી હોય જ છે. પરંતુ આજે આખલાઓએ પણ રસ્તા પર યુદ્ધ છેડી દેતા લોકો ભયભીત થઈ ગયા હતા. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## વસાહત મહાસંઘ દ્વારા મનપાને સંપૂર્ણ સત્તા આપવા મંત્રીને રજુઆત કરાઈ

### સફાઈમાં મનપા ઉણું ઉતર્યાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યનો જ્યાંથી વહિવટ થાય છે તે શહેરની મહાનગરપાલિકાને અસ્તિત્વમાં આવે ત્રણ વર્ષથી વધુ સમય થવા આવ્યો છતા મનપાને સંપૂર્ણ સત્તા આપવામાં આવી નથી. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ મંત્રી નીતિનભાઈ પટેલને રજુઆત કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને અસ્તિત્વમાં આવે ત્રણ વર્ષ કરતા વધુ સમય થવા આવ્યો છે. પરંતુ મનપાને સફાઈ કામગીરી સિવાય કોઈ પણ સત્તા આપવામાં આવી નથી. પાલિકા દ્વારા શહેરીજનો, વેપારીઓ પાસેથી કરોડોનો મિલ્કતવેરો વસુલ કરવામાં આવે છે. પરંતુ તેની સામે સુખ-સુવિધાઓ આપવામાં આવતી નથી.

મનપાને ફક્ત એક જ સાફ-સફાઈ કામગીરી આપવામાં આવી છે. તેમાં પણ ઉણી ઉતરી છે. જાહેર રસ્તા ઉપર રખડતા પશુઓનો ત્રાસ, ઠેર-ઠેર ગંદકીના ઢગલા ખડકાય છે. કચરાપેટીઓ ઉભરાવા છતાં પણ સમયે ઉપાડવામાં આવતી નથી. સફાઈ માટે આપવામાં આવેલા સાધનો કાટ ખાય છે. રાજ્ય સરકાર દ્વારા બજેટ ફાળવવામાં આવ્યું છે. પરંતુ ઉપયોગ કરવામાં આવ્યો નથી. જો સંપૂર્ણ સત્તા આપવામાં આવે તો મનપા દ્વારા જાહેર રસ્તાઓ, આરોગ્યલક્ષી સેવાઓ, શૈક્ષણિક શાળાઓ, સરકારી મિલ્કતો, દબાણની કામગીરી પાછળ રકમનો ઉપયોગ થઈ શકે અને રહીશોને પણ સુવિધાઓ આપી શકાય. શહેર વસાહત મહાસંઘ દ્વારા મંત્રી નીતિનભાઈ પટેલને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે કે મનપાને સંપૂર્ણ સત્તા આપી ખરા અર્થમાં મહાનગર પાલિકા બનાવવામાં આવે.

### રાજ્ય સરકારની કામદાર વિરોધી માનસિકતા દેખાઈ

પ્રદેશ કોંગ્રેસ અસંગઠિત કામદાર સેલના પ્રમુખ તેમજ ગુજરાત ઈન્ટુકના મુખ્ય સલાહકાર અશોક પંજાબીએ, ગુજરાતના સંદર્ભમાં કેગ દ્વારા તાજેતરમાં આવેલી રિપોર્ટમાં, રાજ્યના કામદાર તેમજ શ્રમજીવી જગતની સાચી તસ્વીર સ્પષ્ટ નજરે પડે છે અને તે વાસ્તવલક્ષી પરિસ્થિતિના સંદર્ભમાં રાજ્ય સરકાર તેમજ રાજ્યના શ્રમખાતા અને વહીવટની કામદાર શ્રમજીવી વિરોધી માનસિકતા છતી થઈ છે તેમ જણાવીને રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ માંગણી કરે છે કે કામદાર કલ્યાણ બોર્ડમાં કામદારોના કલ્યાણ માટે જમા થયેલ ૫૪૦ કરોડ જેટલી માતબર રકમ શ્રમજીવી કામદારો માટે ઉપયોગમાં કેમ લાવવામાં નથી આવી? હવે આ રકમ રાજ્યના કન્સ્ટ્રક્શન કામદારો માટે ઉપયોગ કરવા માંગો છો કે કેમ તેમજ લાભાર્થી કામદારોની યોગ્યતા નક્કી કરવા માટેના જડનિયમોમાં ફેરફાર કરીને વધુ કામદારોને લાભ મળે તેવા નિયમો ઘડી કાઢવા માંગણી કરી છે.

## જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા હોમાત્મક લઘુરૂદ્ર યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા ભાદરવા માસમાં દર વર્ષ ભાદરવા માસમાં ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું આયોજન, જગતજનની મા જગદંબાની કૃપાદષ્ટી અને પદયાત્રીઓના અનેરા સથવારે કરવામાં આવે છે. તદઉપરાંત વર્ષ દરમિયાન ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક અને રચનાત્મક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેને ૨૫ વર્ષ પૂર્ણ થતાં પરિવાર દ્વારા દિવાળી પછી તા. ૨૬-૧૦-૨૦૧૪ થી તા. ૧-૧૧-૨૦૧૪ દરમિયાન 'રજત જયંતી મહોત્સવ' ઉજવવાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ મહોત્સવની સફળતાની યાચના અર્થે અષાઢી અમાસને તા. ૨૬ ના રોજ કાર્યાલય ખાતે પરિવારની બહેનો દ્વારા આનંદના ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. તદ્ઉપરાંત કારોબારીની મીટીંગમાં ૧૮ જેટલી વિવિધ સમિતિઓને જુદી જુદી જવાબદારી સોંપી, દરેક બાબતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી મહોત્સવના ખૂબજ સુંદર આયોજન માટે તૈયારીઓ થઈ રહેલ છે. ઉત્તરાખંડમાં કેદારનાથ દુર્ઘટનામાં દિવંગત આત્માઓને શાંતિ માટે સેક્ટર-૮ ના ત્રંબકેશ્વર મહાદેવમાં શ્રાવણ સુદ અકમના રોજ રવિપુષ્યામૃત સિદ્ધ યોગમાં હોમાત્મક લઘુરૂદ્ર યોજાયો હતો.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૨૧

### તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૦ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
કીક : ૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયા : ૩.૩૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
કીક :૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
હેટ સ્ટોરી - ૨ :૯.૩૦
કીક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક કાર્યક્રમ**

- શ્રાવણ સુદ એકમ , તા. ૨૮-૭-૨૦૧૪, સોમવારના રોજ મયુર પંખના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

### આપની આજ

**મેષ** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

### ચિરવિદાય

- સ્વ. કાન્તીલાલ મગનલાલ પટેલ (ઉ.વ.૫૬) મુ. દેલવાડા, કૃષ્ણનગર, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ગગુબા ગમીરજી ડાભી (ઉ.વ. ૭૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. દયાબેન ભૂલાભાઈ વોરા (ઉ.વ.૭૨) પ્લોટ નં.૧૦૭૭/૨, સેક્ટર-૩ડી, ગાંધીનગર